* એક – એક વાક્યમાં જવાબ લખો.

૧. જુમાનાં ત્રણ ઝૂંપડાંમાં શું શું રહેતું?

-> જુમાના એક ઝૂંપડાંમાં વેણુ બંધાતો, બીજા ઝૂંપડાંમાં જૂમો રહેતો અને ત્રીજા ઝૂંપડાંમાં વેણુ માટે ઘાસ ભરાતું.

૨. જુમાની હંમેશની ખરીદી શેની રહેતી?

-> પોતાને માટે એક પૈસાનો ગાજર , ટમેટા કે ભાજી અને વેણુ માટે બથ ભરીને ગદબ એ જુમાની હંમેશની ખરીદી રહેતી.

૩. કોની મૈત્રી છેક સુધી અખંડ રહી હતી?

-> જુમા અને વેણુ ની મૈત્રી છેક સુધી અખંડ રહી હતી.

૪. જુમો વેણુનો શાના માટે ઉપયોગ હતો?

-> જુમો વેણુનો ઉપયોગ એની પીઠ ઉપર પાણીની મોટી મોટી મથક મૂકવા માટે કરતો.

૫. સવારે ફરવા જતાં જુમાને શો વિચાર આવતો?

-> સવારે ફરવા જતાં જુમાને વિચાર આવતો કે પાડો થોડુંઘણું ચરે તો સારું.

૬. વેણુ કોને ગૃહસ્થાઈનું લક્ષણ ગણતો નથી?

-> બહાર ખાતા ફરવું એને વેણુ ગૃહ્સ્થાઈનું લક્ષણ ગણતો નથી.

૭. જુમાએ ફરવા નીકળેલા યુવાનોને શી વિનંતી કરી?

-> જુમાએ ફરવા નીકળેલા યુવાનોને પાટામાં ફસાઈ ગયેલા પાડાના પગને બહાર કાઢવા માટે મદદ કરવાની વિનંતી કરી.

૮. વેણુનો બચાવ શક્ય ન લાગતાં જુમો શું નિર્ણય કરે છે?

-> વેણુનો બચાવ શક્ય ન લાગતાં જુમો વેણુની સાથે મોતને ભેટવાનો નિર્ણય કરે છે.

૯. જુમાના પેટમાં ક્યારે ધ્રાસકો પડ્યો?

-> થોડે દૂર સિગ્નલનાં હાથાં નમેલાં જોઈ ‘હમણાં’ ગાડી આવશે’ એ વિચારથી જુમાના પેટમાં ધ્રાસકો પડ્યો.

૧૦. જુમા સાથેની દોસ્તી વેણુ અંત સમય કેવી રીતે નિભાવે છે?

-> અંત સમયે પોતાની ગોદમાં બેઠેલા જુમાને વેણુ માથુ મારીને પાટાથી દૂર ફેકી

દે છે. આ રીતે અંત સમયે વેણુ જુમા સાથેની પોતાની દોસ્તી નિભાવે છે.

* બે વાક્યમાં જવાબ લખો.

૧. જુમાના ઘરાક સંબંધી કેવા વિચારો હતા?

-> જુમાના ઘરાક સંબધી વિચારો આ પ્રમાણે હતાઃ પોતાની જરૂરિયાતથી વધુ કામ કરવું નહીં અને કાંઈ વધુ કામ આપે તો લેવું નહીં. ઘરાક હોય તેમાંથી ઘટે તો બીજાને ઘરીક થવા કહેવું નહીં.

૨. વેણુ રસ્તામાં ચરવાની ના કેમ પાડી દેતો?

-> વેણુ રસ્તામાં ચરવાની ના પાડી દેતો કારણ કે બહાર ખાતા ફરવું એ ગૃહસ્થાઈ ના લક્ષણ નથી.

3. વેણુના મૃત્યુ પછી જુમો સવારમાં શું કરે છે?

-> વેણુના મૃત્યુ પછી જુમો રોજ સવારમાં ફૂલ લઈને તેને મૃત્યુ સ્થળે આવે છે. એન એક માનીતા પથ્થર પર ફૂલ મૂકીને વેણુ, વેણુ, વેણુ, એમ વેણુ બુમ પાડીને ચાલ્યો જાય છે.

* ત્રણ – ચાર વાક્યમાં જવાબ લખો.

૧. આણંદપુરના ખૂણામાં આવેલા જુમાના ઝૂંપડાંનું વર્ણન કરો.

-> આણંદપુરના એક ખૂણામાં ત્રણ ઝૂંપડાં હતાં. એ ખખડધજ આમલીથી ઢંકાયેલાં હતા. ત્યાં ચારે તરફ ગટરની દુર્ગંધ આવતી અને ધૂળના ગોટા ઉડતા. એની ખડકીને પતરાં, પાટિયાં અને ગૂણિયાનાં થીંગડાં માર્યાં હતા.

૨. સવારે ફરવા નીકળેલા યુવાનોની ખાસિયતો જણાવો.

-> સવારે ફરવા નીકળેલા બે યુવાનો શોખીન હતા. બંનેના હાથમાં નેતરની એક એક સોટી હતી. તેઓ એ સોટીને ઉછાળતા ચાલતા હતા. તેમણે માથા પર ટોપી પહેરી હતી. પણ ખુશનુમા હવાને માણવા તેમણે માથેથી ટોપી ઉતારી ને હાથમાં લઈ લીધી હતી.

3. વેણુનું મૃત્યુ કઈ રીતે થયું?

-> ઉતાવળે ચાલતાં વેણુના પગ રેલવેના પાટામાં ફસાઈ ગયાં. જુમાએ એનો પગ કાઢવા અનેક પ્રયત્નો કર્યા. પણ વ્યર્થ ગયા. એ સમયે વેણુને બચાવવા રસ્તેથી પસાર થતાં યુવાનોની કે ફાટકવાળાની મદદ મળી નહિ. પરિણામે

જોસબંધ આવતી ટ્રેન વેણુ પરથી પસાર થઈ ગઈ. ધગધગતા લોહીના ખાબોચિયામાં વેણુના છૂટાછૂટા ભાગ સિવાય કાંઈ રહ્યુ નહિ. આ રીતે વેણુનું કરુણ મૃત્યુ થયું.

૪. વાર્તાના છેલ્લા વાક્યનું શું મહત્વ છે? તે સમજાવો?

-> વાર્તાનું છેલ્લું વાક્યઃ 'વેણુ.....! વેણુ.....! વેણું........! એમ ત્રણ બૂમ પાડીને ચાલ્યો જાય છે. આ વાક્ય જુમો અને વેણુ બંનેની એકબીજા પ્રત્યેનાં પ્રેમ અને દોસ્તીની વફાદારીનું મહત્વ સમજાવે છે.

* સમાનાર્થી શબ્દ લખો.

૧. શ્રીમંત = પૈસાદાર, અમીર
૨. દુર્ગંધ = વાસ, બદબુ
૩. કર્કશ = ટીણાં, કઠોર
૪. આનંદ = ઉલ્લાસ, ખુશી

* વિરોધી શબ્દ લખો.

૧. દુર્ગંધ = સુગંધ
૨. ખુલ્લું = બંધ
૩. રસિક = અરસિક
૪. શ્રીમંત = ગરીબ
૫. મિત્ર = દુશ્મન
૬. અખંડ = ખંડિત
૭. શાંત = અશાંત
૮. ઉજાસ = અંધકાર
૯. આકાશ = ધરતી
૧૦. આનંદ = શોક
૧૧. જીવન = મરણ
૧૨. જીત = હાર
૧૩. સાંજ = સવાર
૧૪. સ્પષ્ટ = અસ્પષ્ટ
૧૫. ગાડો = ડાહ્યો

* નીચે આપેલા શબ્દોની ધ્વનિઓ છૂટા પાડીને લખો.

૧. મિત્રો = મ્ + ઈ + ત્ + ર્ + ઓ
૨. ખુશનુમા = ખ્ + ઉ + શ્ + અ + ન્ + ઉ + મ્ + આ
૩. પ્રયત્ન = પ્ + ર્ + અ + ય્ + અ + ત્ + ન્ + અ
૪. લાકડી = લ્ + આ + ક્ + અ + ડ્ + ઈ

* નીચે આપેલા ધ્વનિઓને જોડીને શબ્દ બનાવોઃ-

૧. મ્ + અ + ક્ + આ + ન્ + ઓ = મકાનો
૨. ભ્ + ઇ + સ્ + ત્ + ઈ = ભિસ્તી

३. ભ્ + ઇ + ખ્ + આ + ર્ + ઈ = ભિખારી
४. વ્ + એ + ણ્ + ઉ = વેણુ

* નીચે આપેલા શબ્દોની સંધિ છૂટી પાડો.
  १. લક્ષાધિપતિ = લક્ષ + અધિપતિ
  २. નિરાશ = નિઃ(નિર્) + આશ
  ३. દુર્ગંધ = દુર + ગંધ
  ४. એકેક = એક + એક
  ५. સ્વચ્છ = સુ + અચ્છ
  ६. વ્યર્થ = વિ + અર્થ
* સાચી જોડણી લખો.
  १. ઝુપડું = ઝૂંપડું
  २. ગુણિયા = ગૂણિયા
  ३. વીચિતર = વિચિત્ર
  ४. ધરાસકો = ધ્રાસકો
* શબ્દકોશના ક્રમમાં લખો.
  લક્ષણ, ફોગટ, તડકાછાંયા, આંગણું, ખખડધજ
  -> આંગણું, ખખડધજ, તડકાછાંયા, ફોગટ, લક્ષણ
* રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.
  १. ધૂળના ગોટા ઊડવા = પુષ્કળ ધૂળ ઉડવી
  -> જુમાના આંગને ધૂળના ગોટા ઉડતા હતા.
  २. તડકાછાંયડા જોવા = સુખ-દુઃખમાંથી પસાર થવું
  -> જુમાએ જીવનમાં અનેક તડકાછાંયડા જોયા હતા.
  ३. અનેક રંગો જોવા = અનેક અનુભવો થવા
  -> જુમાએ જીવનમાં અનેક રંગો જોયા.
  ४. આંગણે પૈસાની છોળ રેલાવી = ઘરમાં ખૂબજ ધન સંપતિ હોવી
  -> જુમાને આંગણે પૈસાની છોળ રેલાતી હતી.
  ५. ધ્રાસકો પડવો – આઘાત લાગ્વો
  -> હમણા ગાડી આવશે એ વિચારથી જુમાના પેટમાં ધ્રાસકો પડ્યો.

સ્વાધ્યાયઃ-

१. જુમા અને વેણુનો મૈત્રીભાવ કયાં કયાં પ્રગટ થાય છે?
२. જુમાએ પોતાના પ્રિય વેણુને બચાવવા શા પ્રયત્ન કર્યા?
३. વેણુની સમજદારી ક્યારે અને કઈ રીતે વ્યક્ત થઈ છે?

૪. જુમા ભિસ્તીનો પશુપ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.
૫. જુમાએ જીવનમાં જોયેલા તડકાછાંયા વિશે જણાવો.
૬. આ વાર્તાનું શીર્ષક ‘વેણુ’ રાખીએ તો તે માટેનાં કારણો આપો.